મહત્તમ : ૨૮.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૯૦ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં હેલ્મેટના વેચાણમાં ૭૦ ટકાનો વધારો

ગાંધીનગર, તા.૧૩

ટ્રાફિક નિયમનના મુદ્દે સરકારે હવે આકરો દંડ વસૂલવાનું મન બનાવી લીધું છે. માર્ગ પર બેફામ અને પૂરપાટ દોડતા વાહનોની ગતિ નિયંત્રણમાં રાખવા તેમજ વાહનચાલકોની પણ પૂરતી સલામતી જળવાય તેવા આશયથી હેલ્મેટ, સીટ બેલ્ટ ગતિ નિયંત્રણ સહિતના તમામ ટ્રાફિક નિયમન મામલે વાહનચાલકો પાસેથી આકરો દંડ વસુલવામાં આવશે જેથી વાહનચાલકો પણ હવે આ બાબતે વધુ જાગૃત બન્યા છે. શહેરમાં હેલ્મેટના વેચાણમાં પણ હાલ લગભગ ૭૦ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગરના વેપારી સચિવ ઠકકરના જણાવ્યા અનુસાર શહેરમાં રેગ્યુલર દિવસોમાં રોજના ૧૦ થી ૧૨ હેલ્મેટ વેચાતા હતા. ટ્રાફિક નિયમ લાગુ પડવાની જાણ મળ્યા બાદ તેમાં લગભ ૭૦ ટકા ગ્રાહકોનો વધારો થયો છે જયારે કેમેરાનો નિયમ આવ્યો ત્યારે શહેરીજનો હેલ્મેટ જોવા આવતા પરંતુ છેલ્લા ત્રણેક દિવસથી જે આવે છે તે હેલ્મેટ લઈને જ જાય છે.

ઉલ્લેખનીય છે કે, બજારમાં સાદા અને આઈએસઆઈ માર્કા વાળા હેલ્મેટ મળે છે. જેમા સાદા હેલ્મેટની કિંમત ૧૦૦ રૂ. થી ૪૫૦ રૂ. આસપાસ થતા આઈએસઆઈ માર્કાવાળા હેલ્મેટની કિંમત ૮૫૦ રૂ.થી ૩૦૦૦ રૂ. સુધીની છે. સ્ટંડસ, સ્ટીબર્ડ અને વેગા એમ ત્રણ કંપનીના હેલ્મેટ શહેરમાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત બ્લુટુથ વાળા હેલ્મેટ પણ ટ્રેન્ડમાં છે. આ નિયમોથી સૌથી વધુ ખુશ પેરેન્ટસ જણાઈ રહ્યા છે. બાળકો હેલ્મેટ ન પહેરવાની જીદ કરતા હોવાથી આ ટ્રાફિક નિયમ લાગુ પડાતા બાળકો સામેથી જ હેલ્મેટ લેવાની ડિમાન્ડ કરી રહ્યા છે.

ગાંધીનગરની જીઆઈડીસીના ઈલેક્ટ્રોનિકસ ઝોન ઈન્ડસ્ટ્રિઝ એસોસિએશન ગેઝિયાના હોદ્દેદારોએ નવનિયુકત રાજયપાલ આચાર્ય દેવવ્રતની શુકવારે સાંજે શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં ગેઝિયાના હોદ્દેદારોએ રાજયપાલનું અભિવાદન કર્યું હતું અને રાજયપાલે પણ ઉષ્માભર્યો આવકાર આપવા સાથે ગેઝિયાના હોદ્દેદારો સાથે ઉત્સાહપૂર્વક વિવિધ વિષયે વાતચીત કરી હતી.

હડમતીયા પાસે બાઈક વિજપોલ સાથે અથડાતા ગંભીર ઈજાગ્રસ્ત યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૩

સરગાસણની સોસાયટી ખાતે વસવાટ કરતો યુવકનું બાઈક ડિવાઈડર અને વિજપોલ સાથે અથડાતા તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. ઈજાગ્રસ્ત યુવકનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. ખ-૧ થી ખ-૦ તરફ જતા માર્ગ પર હડમતીયા પાટીયા પાસે યુવકનો અકસ્માત સર્જાયો હતો.

પ્રાપ્ત માહીતી મુજબ સરગાસણ વિસ્તારમાં આવેલી દેવકૃપા રીધમ સોસાયટીમાં મકાન નં.ડી.૨૦૧ ખાતે રહેતો યુવાન આકાશ ગીરધરભાઈ પરમાર રાત્રીના સમયે બાઈક લઈને મિત્રો પાસે ગયો હતો. રાત્રીના પોણા અગીયાર વાગ્યાના અરસામાં તે ઘરે પરત ફરી રહ્યો હતો.ત્યારે હડમતીયા ગામની સામે વળાંકમાં ડિવાઈડર અને વિજપોલ સાથે બાઈક અથડાયું હતું. જેમાં યુવકને પેટ તેમજ બંન્ને પગે ઈજા ઓ પહોંચી હતી. અકસ્માતને પગલે આસપાસમાંથી તાત્કાલીક નાગરીકો દોડી આવ્યા હતા અને યુવાનને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયો હતો. જયાં ફરજ પરના ડોકટરોએ યુવકને બચાવવાના પ્રયત્ન કર્યા હતા. પરંતુ અકસ્માતના એક કલાક પછી યુવકનું મૃત્યું નિપજયું હતું. હાલ સરગાસણ ખાતે રહેતા અને નિવૃત જીવન ગુજારતા ગીરધરભાઈ તેજાભાઈ પરમારને સોસાયટીના વસાહતીઓ દ્વારા અકસ્માત અંગે જાણ થઈ હતી. જેથી તેઓ બીજા દિકરાને લઈ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચ્યા હતા જયાં માત્ર બાઈક મળ્યું હતું. જેને પગલે તેઓ ત્યાંથી ગાંધીનગર સિવિલ ખાતે પહોંચ્યા હતા જયાં તેમને પુત્રના મૃત્યુના સમાચાર મળતા તેઓ ભાંગી પડ્યા હતા. યુવાન પુત્રના મૃત્યુના સમાચાર વાયુવેગે ઘરે પહોંચતા પરિવાર અને સોસાયટીમાં શોકનુ મોજુ ફરી વળ્યુ હતું.

કડી કેમ્પસ ખાતે શિક્ષકદિન ઉજવણી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડી સર્વ વિદ્યાલય દ્વારા શિક્ષક દિનની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૨૯ સંસ્થામાંથી કુલ ૮૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને જેમાંથી ૩૪ આચાર્ય અને ૩૪ શ્રેષ્ઠ શિક્ષકોનું પ્રમાણપત્ર અને ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થી આચાર્યોને સ્ટેજ ઉપર બેસાડી માન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન સરદાર વલ્લભભાઈ પટેલ એ વિદ્યાર્થીઓને પોતાને મળતી તકને ઝડપી લેવી જોઈએ તેમ જણાવ્યું હતું.

- **માતા અને શિક્ષકથી જ આ દુનિયા ચાલી રહી છે.**
  - વલ્લભભાઈ પટેલ, સંસ્થાના ચેરમેન
- **શિક્ષકો પાસેથી જે શીખો તે જીંદગીભર યાદ રહે છે.**
  - વિઠ્ઠલભાઈ પટેલ
- **જીવનમાં ધ્યેય નહીં રાખો તો મસ્ત રહેશો પણ અસ્તવ્યસ્ત થઈ જશો.**
  - કનુભાઈ પટેલ, સંસ્થાના પ્રેસિડન્ટ

કાર્યક્રમમાં કડી કેમ્પસના પ્રાયમરીથી લઈ અનુસ્નાતક સુધીના સર્વે વિદ્યાર્થીઓ અને પ્રિન્સિપાલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે વિઠ્ઠલભાઈ પટેલ, સંસ્થાના પ્રેસિડન્ટ કનુભાઈ પટેલ તથા ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવ આપ્યા હતા તથા શિક્ષકોનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કે.બી. ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાનપુર બળીયાદેવ મંદિરમાંથી દાનપેટીની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૩

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર છાલા ગામ નજીક આવેલા કાનપુર ખાતે આવેલા મંદિરમાંથી દાનપેટીની ઉઠાંતરી થવા પામી છે. પ્રાપ્ત માહિતી મુજબ ગામમાં આવેલા બળીયાદેવ મંદિરમાં રહેલી દાનપેટી રાત્રીના સમયે અજાણ્યા શખ્સો ઉઠાવી ગયા છે. દાનપેટીમાં અંદાજીત રૂ. ૩ થી ૪ હજાર રોકડ રકમ પડી હતી. ગ્રામજનોને સવારે દાનપેટીની ચોરીની જાણ થતા તેઓએ આ અંગે ચિલોડા પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે બનાવ સ્થળે પહોંચીને સ્થિતિનું નિરીક્ષણ કર્યા બાદ અરજીના આધારે તપાસ શરુ કરી છે. ત્યારે બળીયાદેવ મંદિરની દાનપેટી ચોરી જનાર કોઈ જાણભેદુ હોવાનું અનુમાન પોલીસ લગાવી રહી છે.

ગાંધીનગર વણકર સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર વણકર સમાજની અગિયારમી વાર્ષિક સાધારણ સભા તા. ૧૫-૯-૨૦૧૯ને રવિવારના રોજ બપોરે ૪.૦૦ કલાકે રામજી મંદિર, સેકટર-૩-ડી ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં તા. ૩૧-૩-૨૦૧૯ના રોજ પુરા થતા વર્ષ ૨૦૧૮-૧૯ના નાણાંકીય હિસાબો સંસ્થાના બંધારણની કલમ-૭-બીમાં સુધારો તથા સંસ્થાના હાલના પ્રમુખના રાજીનામાની વિચારણા કરવામાં આવશે તથા ગાંધીનગરમાં 'વણકર ભવન' માટે રાહતદરે જમીન ફાળવવાના વિકલ્પોની વિચારણા કરવામાં આવશે. સંસ્થાના પ્રમુખ પી.જે. પરમાર દ્વારા સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

ગાંધીનગરના સેક્ટર-૨૨માં સરકારી આયુર્વેદ હોસ્પિટલના પ્રાંગણમાં બેંક ઓફ ઈન્ડિયાની ઝોનલ કચેરીના કર્મચારીઓ દ્વારા બેંકના ૧૪૪ સ્થાપના દિને નિમિત્તે કુલ ૧૪૪ આમળાના છોડનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઝોલન મેનેજર સુવેન્દ્રકુમાર બેહેરા અને ડેપ્યુટી ઝોનલ મેનેજર ગિરીશકુમાર ઉપરાંત આયુર્વેદ હોસ્પિટલના વૈદ્ય રાકેશભાઈ ભટ્ટ સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શુક્રવારે રિલીઝ થયેલી બે ગુજરાતી ફિલ્મોમાં ગાંધીનગરની બે પ્રતિભાઓ ઝળકી

'ટીચર ઓફ ધ યર' ફિલ્મમાં સ્મિત જોશી અને અનેક એવોર્ડ વિજેતા ફિલ્મ 'બજાબા'માં વિવેકા પટેલની મહત્વની ભૂમિકા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના યુવાનો-તરૂણો હવે વિવિધ ક્ષેત્રે તેમની પ્રતિભા થકી ઝળકી રહ્યા છે અને તે સાથે તેઓ પાટનગરનું નામ રોશન કરી રહ્યા છે. આજે શુક્રવારે રાજયમાં રીલીઝ થયેલી બે ગુજરાતી ફિલ્મોમાં ગાંધીનગરના બે કલાકારો મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે જેમાં એક ગાંધીનગરનો દિકરો સ્મિત જોશી છે જે પ્રથમવાર રૂપેરી પરદે પદાર્પણ કરી રહ્યો છે જયારે બીજી લોકપ્રિય યુવા અભિનેત્રી વિવેકા પટેલ છે જેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે એવોર્ડ નોમિનેશન્સ સાથે વિવિધ એવોર્ડ વિજેતા ફિલ્મ 'બજાબા'માં અત્યંત મહત્વનું પાત્ર ભજવી રહ્યા છે.

ગાંધીનગરના સેકટર-૨૯માં રહેતો સ્મિત જોશી આજે રીલીઝ થયેલી 'ટીચર ઓફ ધ યર' ફિલ્મમાં પોતાના અભિનયના અજવાળા પાથરી રહ્યો છે. આ ફિલ્મ અભિનેતા-દિગ્દર્શક શૌનક વ્યાસની ફિલ્મ છે જેમાં પ્રવર્તમાન શિક્ષણ પ્રણાલી સાથે જુની નવી શિક્ષણ પધ્ધતિ અંગેની વાત પ્રસ્તુત કરવામાં આવી છે. આ ફિલ્મમાં સ્મિત જોશી 'રાજ' નામના સ્ટુડન્ટનું પાત્ર ભજવી રહ્યો છે જે વર્ગમાં તેજસ્વી અને હોંશિયાર વિદ્યાર્થી છે. સ્મિત જોશીએ ધો-૧૨ સુધી શહેરમાં અભ્યાસ કર્યા પછી છેલ્લા બે વર્ષથી અમદાવાદની ઉપાસના સ્કુલ ઓફ પર્ફોર્મિંગ આર્ટસ ખાતે 'થિયેટર' વિષયે બેચલર ડિગ્રીનો અભ્યાસ કરી રહ્યો છે અને પોતાની 'હિલેરિયસ વર્લ્ડ' નામની યુ-ટયુબ ચેનલ પણ ચલાવી રહ્યો છે. તેણે અત્યાર સુધીમાં ૧૨ જેટલા નાટકો અને ૩૭ જેટલી શોર્ટ ફિલ્મ તથા દૂરદર્શન પર પણ કાર્ય કરેલું છે. સ્મિત જોશી

સાહિત્યસભાના અધ્યક્ષ નટવર હેડાઉના લઘુબંધુ ગુલાબશંકરનો દિકરો છે.

આ સાથે આજે રીલીઝ થયેલી બાળલગ્ન જેવી સામાજિક બદી સામે અવાજ ઉઠાવતી અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ નોમિનેશન્સ સાથે વિવિધ એવોર્ડ પ્રાપ્ત કરી ચુકેલી નિર્માતા-દિગ્દર્શક રમેશ કરોલકરની ફિલ્મ 'બજાબા' છે. જેમાં ગાંધીનગરની યુવા પ્રતિભાશાળી અને સુંદર અભિનેત્રી વિવેકા પટેલ મહત્વની ભૂમિકા ભજવી રહી છે. 'બજાબા' એવી ફિલ્મ છે જેની અમેરિકા, ઈઝરાઈલ તેમજ યુકેમાં નોંધ લેવાઈ છે એટલું જ નહી એવોર્ડસ પણ જીતી આવી છે. આ ફિલ્મમાં એક મૂકબધિર સગીર દિકરીને માનસિક દિવ્યાંગ સગીર સાથે પરણાવી દેવાની વાર્તા છે જેમાં વિવેકા પટેલે સગીરાની માતા અને સરપંચની વહુનુ આબાદ પાત્ર ભજવ્યું છે જે પુરુષ પરિધાન પરિવારમાં પણ છાનેછપને પોતાની દિકરીના અધિકારો માટે ઝઝુમતી રહે છે. આ પાત્રમાં વિવેકા પટેલનો અભિનય અને એકસ્પ્રેશન્સ ખૂબ વખણાયા છે. વિવેકા પટેલની તાજેતરમાં 'સાહિલ' ફિલ્મ પણ રીલીઝ થઈ હતી જેમાં બોલીવુડના પીઢ અભિનેતા પ્રેમ ચોપરાએ પણ પ્રથમવાર ગુજરાતી ફિલ્મમાં અભિનય આપ્યો હતો. વિવેકા પટેલ આ ઉપરાંત અન્ય ગુજરાતી ફિલ્મો, શોર્ટ ફિલ્મો જાહેરાતો તથા અનેક નાટકોમાં અભિનય કરવા સાથે નાટકોનું નિર્માણ પણ કરી ચુકી છે. વિવેકા પટેલ ઉર્મિલા ચેરિટેબલ ટ્રસ્ટ અને હેપ્પી યુથ કલબ થકી શહેરમાં સામાજિક-સેવાકીય પ્રવૃત્તિઓ સાથે પણ કાર્યરત છે.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

- **ડ્રીમગર્લ**
  ૮.૫૫, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૫, ૭.૫૫, ૧૦.૧૫, ૧૦.૪૫
- **સેકશન ૩૭૫**
  ૯.૦૦, ૨.૪૦, ૮.૦૫, ૧૦.૪૦
- **બાદશાહ પહેલવાન**
  ૯.૦૫, ૩.૪૫, ૭.૦૦
- **હંગામા હાઉસ (ગુજરાતી)**
  ૫.૧૫
- **ટીચર ઓફ ધ યર (ગુજરાતી)** ૧૧.૩૫
- **છીછોરે**
  ૯.૩૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
- **સાહો**
  ૧૨.૨૦, ૩.૫૫
- **મિશન મંગલ**
  ૯.૪૫

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬

- **ડ્રીમગર્લ**
  ૮.૫૫, ૯.૫૫, ૧૧.૩૦, ૧૨.૪૦, ૨.૧૫, ૩.૩૦, ૫.૦૫, ૭.૫૫, ૯.૩૫, ૧૦.૪૫
- **સેકશન ૩૭૫**
  ૯.૦૦, ૧૧.૨૫, ૪.૪૫, ૧૦.૧૫
- **બાદશાહ પહેલવાન**
  ૯.૧૦, ૩.૫૦, ૧૦.૩૦
- **ટીચર ઓફ ધ યર (ગુજરાતી)** ૬.૫૦
- **છીછોરે**
  ૯.૫૦, ૧૨.૫૦, ૩.૫૦, ૭.૨૦, ૧૦.૦૦
- **સાહો**
  ૧૨.૨૫, ૭.૦૫
- **મિશન મંગલ**
  ૨.૦૦

પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

- **સેકશન ૩૭૫**
  ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
- **છીછોરે**
  ૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૨૦
- **સાહો**
  ૧૨.૫૫
- **બાદશાહ પહેલવાન**
  ૧.૧૦, ૭.૧૦
- **ડ્રીમગર્લ**
  ૯.૦૦, ૧૦.૦૫, ૧૧.૫૦, ૨.૪૦, ૪.૩૦, ૫.૩૦, ૭.૨૦, ૮.૨૦, ૧૦.૧૦, ૧૧.૧૦

સિટી પલ્સ કુડાસણ

- **ડ્રીમગર્લ**
  ૪.૦૦, ૧૨.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
- **છીછોરે**
  ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
- **સેકશન ૩૭૫**
  ૧૦.૦૦, ૧૨.૪૫
- **સાહો**
  ૩.૦૦, ૯.૩૦
- **પહેલવાન**
  ૬.૩૦
- **ચાલ જીવી લઈએ**
  ૧૧.૪૫
- **ચાસની (ગુજરાતી)**
  ૨.૧૫
- **મોન્ટુની બિટ્ટુ (ગુજરાતી)**
  ૫.૦૦
- **મિશન મંગલ**
  ૭.૩૦

આજે સાંજે ટાઉનહોલ ખાતે નાટક 'લાવ હાથ માંગુ તારો સાથ' ભજવાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી આગામી તા.૧ ૪મી સપ્ટેમ્બર શનિવારે રાત્રે ૯.૩૦ કલાકે સે-૧૭ના ટાઉનહોલ ખાતે જવનિકા આર્ટ ફાઉન્ડેશન પ્રસ્તુત સામાજિક કોમેડી નાટક 'લાવ હાથ માંગુ તારો સાથ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ નાટકના લેખક-દિગ્દર્શક અક્ષય પટેલ છે જયારે ક્રિએટીવ ડિરેકટર પાર્થ પટેલ છે. અને નાટકમાં તુષાર ત્રિપાઠી, અભિજ્ઞા મહેતા, દીપા ત્રિવેદી, વિજય દેસાઈ, અભય નાગર, સુહીન ઘોરી, કાજલ સોની, અમિત પટેલ, અર્થ જોષી, વિરલ વ્યાસ અને અક્ષય પટેલે અભિનય આપ્યો છે. નાટકને માણવા યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શહેરના નાટય રસિકોને વહેલા તે પહેલાના ધોરણે જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.